# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સીટી, ગોધરા ખાતે મકાઇમાં બીજ ઉત્પાદન અંગે એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો.

મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સીટી, ગોધરા તેમજ એફ.પી.ઓ દ્વારા પ્રગતિશીલ ખેડૂતોને મકાઇમાં ગુણવત્તા સભર બીજ ઉત્પાદન કરવાની તાલીમ આપવામાં આવી. તારીખ ૦૧/૦૮/૨૦૨૫ ના રોજ ફાર્મર્સ પ્રોડયુસર્સ ઓર્ગનાઈઝેશન ના પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લા ના પ્રગતિશીલ ખેડૂત મિત્રો ને વૈજ્ઞાનિક પધ્ધતિથી મકાઈ માં બીજ ઉત્પાદન કરવા માટેની ની તાલીમ મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, ગોધરા ખાતે યોજવામાં આવેલ હતી.

માનનીય પૂર્વ કલેકટર, પંચમહાલ, શ્રી આષીશ કુમાર ના સૂચન અને માર્ગદર્શન મુજબ આ કાર્યકમ આયોજિત કરેલ હતો. આ તાલીમમાં મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકોશ્રીઓમાં ડો. એમ. બી. પટેલ, ડો. પી. કે. પરમાર, ડો. પી. ડી. પટેલ અને ડો. એચ. એસ. વર્મા દ્વારા તાલીમને અનુરૂપ બ્રીડર સીડ ઇંડેન્ટ મૂકવાની પધ્ધતિ, બ્રીડર સીડ મેનેજમેન્ટ પોર્ટલ, સંયોજીત તેમજ સંકર જાતોમાં બીજ ઉત્પાદન કરવાની વૈજ્ઞાનિક પધ્ધતિ, બીજ ઉત્પાદનનુ કોસ્ટ ઓફ કલ્ટીવેશન, પેકીંગ, સંગ્રહ અને રોગ-જીવાતની ઓળખ તેમજ તેના નિયંત્રણ બાબતે તમામ પાસા આવરી લઇને ખેડુતોને તાલીમ આપવામાં આવેલ હતી.

ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સીના અધિકારીશ્રીઓમાં બીજ પ્રમાણન એજન્સીના ઝાલા સાહેબ અને વિપુલ ભાઈ એ બીજ પ્રમાણન અંગે પ્રાંસગિક તેમજ “સાથી પોર્ટલ” અંગે માહિતી આપી હતી. ના-બાર્ડ બેંક મારફતે શ્રી રાજેશભાઈ ભોંસલે દ્વારા પ્રગતિશીલ ખેડૂતોને આ તાલીમમાં ભાગ લેવા ઉત્સાહીત કરવામાં આવેલ અને તમામ ખેડુત-ભાઇઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.







